સ્થળ: ગાંધીનગર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

### સરકારી કુમાર/કન્યા છાત્રાલયોમાં પ્રવેશ મેળવવા અંગે ઓનલાઈન અરજીઓ મેળવવાની જાહેરાત વર્ષ : ૨૦૨૫-૨૬

અનુસૂચિત જાતિના મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી ડિગ્રી, ડિપ્લોમાં, આર્ટસ, અને કોમર્સના સ્નાતક, અનુસ્નાતક તેમજ ધો.૧૧-૧૨ના તમામ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને. ઉચ્ચ શિક્ષણની પૂરતી તક આપવાના હેતુ માટે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા સરકારી છાત્રાલયોની સવલત આપવામાં આવે છે. જે છાત્રાલયોની યાદી https://esamajkalyan.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે. આ સરકારી છાત્રાલયોમાં ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ માટે પ્રવેશ મેળવવાની ઇચ્છા ધરાવતાં અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતાં ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રવેશ માટે https://esamajkalyan.gujarat.gov.in પર તા. ૧૯/૫/૨૦૨૫ થી તા. ૧૦/૦૭/૨૦૨૫ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. સરકારી છાત્રાલયોમાં ધોરણ ૧૧ અને ૧૨ની ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓએ તા. ૧૯/૫/૨૦૨૫ થી તા. ૧૦/૦૬/૨૦૨૫ સુધી અરજી કરવાની રહેશે. અને તેની પ્રોવિઝનલ મેરીટયાદી પ્રસિધ્ધ થયેથી નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવશે.

૨. સરકારી છાત્રાલયોમાં "એ ગ્રુપ"- મેડિકલ / ઇજનેરી અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમો માટે રીન્યુઅલ વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. જ્યારે "એ - ગ્રુપ"ના ફ્રેશ વિદ્યાર્થીઓ માટે વર્ષ : ૨૦૨૫-૨૬ની કોલેજ/સંસ્થા દ્વારા પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય ત્યારે અલગથી જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવશે.

૩. સરકારી છાત્રાલયમાં ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટેની અરજી કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી પ્રમાણપત્રો પણ ઓનલાઇન જ અપલોડ કરવાના રહેશે.

૪. પ્રવેશની અરજી કરનાર ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીએ વાર્ષિક પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.

૫. કુમાર છાત્રો માટે આવક મર્યાદા વાર્ષિક રૂ.૬.૦૦ લાખ રહેશે. કન્યા છાત્રાઓ માટે કોઈ આવક મર્યાદા નથી.

૬. સરકારી છાત્રાલયમાં પ્રવેશ માટે છાત્રાલયની મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યા ધ્યાને લઇ નિયમોનુસાર અનુસૂચિત જાતિ, સૌપ્રથમ રીન્યુઅલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યા ધ્યાને લઇ ખાલી રહેતી જગ્યાઓ નિયમોનુસાર મેરીટથી ફ્રેશ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

૭. જે સ્થળે ફક્ત અનુસૂચિત જાતિનું જ છાત્રાલય હોય તેવા સ્થળોએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકશે.

૮. પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિદ્ધ થયેથી મેરીટ યાદીમાં આવેલ છાત્રોએ સબંધિત સરકારી છાત્રાલય ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. જો કોઈ અરજદારની ઓનલાઈન ફોર્મમાં ભરેલ પરીક્ષાના ગુણની ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાગુઃક્રાત અંગેના પ્રમાણપત્રોમાં તફાવત જણાશે તો તેવા અરજદારોને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૯. સરકારી છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો તેમજ વધુ વિગતો https://esamajkalyan.gujarat.gov.in વેબસાઈટ પર દર્શાવેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી છાત્રોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમજ સરકારી છાત્રાલય અંગેની વિશેષ માહિતી જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (હોસ્ટેલ)ની કચેરીમાંથી પણ મળી રહેશે.

૧૦. અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજીના આધારે પ્રવેશ અંગેનો હક્ક દાવો કરી શકશે નહિ. પ્રવેશ અંગેનો આખરી નિર્ણય જિલ્લા નાયબ નિયામકશ્રીને અબાધિત રહેશે તેમજ સરકારશ્રીએ ઠરાવેલ નિયમોનુસાર મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સ્થળઃ- ગાંધીનગર
તારીખઃ- / ૫/૨૦૨૫ .

માહિતી/૩૫૮/૨૦૨૫-૨૬

Scanned with CamScanner